# ડીસાની ભણશાલી હૉસ્પિટલમાં નવજાત બાળકીની હત્યાની શંકા

## મૃત બાળકીની માતા શંકાના ઘેરાવમાં

ડીસા, તા. ૨૦

ડીસાના નવાવાસ ખાતે રહેતા એક પર-ંતીય પરિવાર ના ઘેર સતત ત્રીજી દીકરી અવતરતા આ દીકરી આ પરિવાર માટે દોજખ બની હતી,જેમાં ભણશાળી હોસ્પીટલના -સ્તુતીગૃહમાં જ આ બાળકી હજુ આંખ ખોલે તે પહેલા જ તેની માતા નાં ખાટ્લા માં ગળે ટુંપો આપેલ હોય તે રીતે ગળામાં લોહીના નિશાન સાથે મૃત મળી આવી હતી,જન્મબાદ માતાની પાસેજ રહેલી આ બાળકી નું ગળામાં ઈજા સાથેનું મોત ઘણુ સંકાસ્પદ હોઈ આ મામલાની હોસ્પિટલ સત્તાધીશો એ ડીસા દક્ષિણ પોલીસ ને જાણ કરતા પોલીસે લાશ નો કબજો સંભાળી તેને પી.એમ.અર્થે ખસેડેલ છે.



આ ધટના ની વિગતો જોઈએ તો ડીસાના નવાવાસ ખાતે રહેતા દિનેશભાઈ -જાપતિ ની પત્ની ને ગઈ કાલે સાંજે ભણશાળી હોસ્પીટલમાં બે દીકરી બાદ ત્રીજી દીકરી નો જન્મ થયો હતો. જોકે ત્રીજી દીકરી જન્મતા જ અક્ષિક્ષિત એવા અને પકોડી નાં વ્યવસાય સાથે સંકળાયેલા આ ગરીબ અને શ્રમજીવી પરિવાર ને દીકરા ની આશા સફળ ન થતા હતાશા છવાઈ હતી, જોકે આ હતાશાની અસર તાજી જન્મેલી બાળકી ની માતા રાણીબેન પર વધુ થઈ હતી અને તે માનસિક તણાવ માં રહેતા જોવા મળ્યા હતા તે બાદ તેજ રાત્રીના હરકોઈ સમયે આ નવજાત બાળકી ને ગળે ટુંપો આપી મારી નાખવામાં આવી હતી, જોકે વહેલી સવારે હોસ્પિટલ સ્ટાફ નર્સે આ બાળકી ને ચકાસતા તે મૃત મળી આવી હતી જે બાદ ડોકટર જગદીશ ચોધરી એ દોડી આવી જોતા બાળકીના ગળા માં ટુંપો આપ્યા ના નિશાન દેખાતા તાત્કાલિક આ ધટના ની પોલીસ ને જાણ કરાઈ હતી અને તે બાદ ડીસા દક્ષિણ પોલીસે હોસ્પિટલ પહોચી મૃત બાળકી ના લાશ નો કબજો સાંભળી તેને પી.એમ. અર્થે મોકલી હતી.

-સ્તુતા અને શકમંદ એવી મૃત બાળકી ની માતા રાણીબેન ને અગાઉ બે દીકરી છે અને ત્રીજી દીકરી નો જન્મ તેમના હત્યા માટેના ગુસ્સાનું કારણ બન્યું હોય તેવો સ્પષ્ટ મોટીવ એટલેકે ઈરાદો પણ મૃત બાળકીની માતા પાસેજ હોઈ આ બાળકીના મોત મામલે તેની માતા શંકાના દાયરામાં હોઈ પોલીસે આ સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

**(કાંતિલાલ લોધા, ડીસા)**

## આજે હિંમતનગરમાં અનામત પ્રશ્ને બ્રહ્મ સમાજ દ્વારા રેલી યોજાશે

હિંમતનગર, તા. ૨૦

અનામતના પ્રશ્ન તાજેતરમાં યોજાયેલી સમસ્ત બ્રહ્મ સમાજની બેઠકમાં નિર્ધારિત થયા મુજબ ૨૧ ઓગષ્ટને શુક્રવારે બપોરે ૨ કલાકે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા હિંમતનગરમાં રેલીનું આયોજન કરાયુ છે. રેલી બાદ બ્રહ્મ સમાજના આગેવાનો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાશે.

સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શુક્રવારે બપોરના સુમારે બ્રહ્મ સમાજના લોકો હિંમતનગરના ટાવર ચોક હનુમાનજી મંદિર પાસે એકત્ર થશે. જયાંથી ૨ કલાકે ભૂદેવોની અનામતના પ્રશ્ન રેલી યોજાશે. બ્રહ્મ સમાજના લોકો રેલી સ્વરૂપે નીકળી સાબરકાંઠા જિલ્લા કલેકટરને બહુમાળી ભવન ખાતે પહોંચી એક આવેદનપત્ર આપશે. સાબરકાંઠા જિલ્લાના બ્રાહ્મણો શુક્રવારે અનામતના પ્રશ્ન હક્ક માંગવા હિંમતનગરમાં ઉમટી પડશે તેમ બ્રહ્મ સમાજના સાબરકાંઠાના સૂત્રોએ જણાવ્યુ હતું.

# શિણોલ ગામનું ત્રણ શિવલિંગવાળું મંદિર ભાવિકો માટે આસ્થાનું કેન્દ્ર

## અરવલ્લી જિલ્લાના શિણોલ ગામે કાલંજર મહાદેવનું મંદિર

મોડાસા, તા. ૨૦

આપે મંદિર તો જોયા હશે પરંતુ મોડાસા નાં શિણોલ ગામ નું ૩ શિવલિંગ વાળું મંદિર લોકો માટે આસ્થા નું કેન્દ્ર બન્યું છે આ મંદિર એટલું પુરાણું છે કે તેનો ઈતિહાસ કોઈ ની પાસે નથી જેથી આ વિસ્તાર નાં લોકો ની માંગ છે કે આ મંદિર ને પ્રવાસન ધામ ન્તારીકે વિક્સાવવા મા આવે.

અરવલ્લી જીલ્લા નાં મોદાસાસ તાલુકા નાં શિણોલ ગામે કાલંજર મહાદેવનું વર્ષો જુનું મંદિર આવેલું છે આ મંદિર મા કેટલાય લોકો દર્શન કરવા માટે આવે છે મંદિર માજોમ નદીના કિનારે આવેલું હોવાથી મંદિર નાં પુજારી તથા ગામ લોકો ની માંગ છે કે આ પુરાના મંદિર ને પ્રવાસન ધામ તરીકે વિકસાવવામાં આવે જેથી આ મંદિર નો વિકાસ થાય અને વધારે લોકો અહી દર્શન



કરવા માટે આવે અને લાભ લે.

આ શિણોલનાં કલાન્જર મહાદેવ મંદિરે લોકો ની અપાર શ્રદ્ધા છે જેથી કેટલાય ભક્તો વર્ષો થી અહી પૂજા અર્ચના કરવા માટે નિયમિત રીતે આવેછે અને પોતાની અપાર શ્રદ્ધા બતાવે છે સાથે જ દર્શનાર્થી ઓ પોતાની માનતા પણ માને છે અને માનતા પૂરી થતા જ લોકો માનતા પૂરી કરે છે એટલે જ આ વિસ્તાર નાં લોકો મા આ મહાદેવ પ્રત્યે અપાર શ્રદ્ધા છે.

**(જીતેન્દ્ર પટેલ, મોડાસા)**

## ખેડબ્રહ્મા પાલિકાને ઈમ્પેક્ટ ફીની ૮૩ લાખની આવક

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં ઈમ્પેકટ ફીના કાયદા હેઠળ ગેરકાયદે બાંધકામો કાયદેસર કરવા માટેની યોજનામાં મંજુર કરવામાં આવેલ અરજીઓ થકી રૂા.૮૩.૨૯ લાખની આવક થઈ છે.

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં ૬ હજાર કરતા વધુ ગેરકાયદે બાંધકામ છે, તેમાં સ્ટેશન વિસ્તારમાં વધુ ગેરકાયદે બાંધકામ છે, આટલા બધા ગેરકાયદે બાંધકામ હોવા છતાં સમયમર્યાદામાં ૫૭૦ અરજીઓ આવી હતી, જે ૧૦ ટકા કરતા પણ ઓછી છે. ૫૭૦ અરજદારો પાસેથી ઈમ્પેકટ ફીના રૂા.૫૦ લાખની આવકનો અંદાજે હતો પણ પાલિકાએ ૨૦૧૩થી અત્યાર સુધીમાં ૩૧૦ અરજીઓ મંજુર કરી રૂા.૮૩૨૮૯૫૦ ની આવક કરવામાં આવી છે. ૧૦૦ અરજદારો પાસેથી કલીયરન્સ સર્ટીફીકેટ જેવા પુરાવા રજુ કરવા જણાવવામાં આવ્યુ છે. જયારે ૧૬૦ અરજદારોનું વેરીફીકેશન કરવામાં આવી છે. વેરીફીકેશન કરાયા બાદ સ્થળ તપાસ કરી અહેવાલ તૈયાર કરી અરજદારને ફી ભરવાની નોટીસ આપવામાં આવે છે. અરજદારે નક્કી કરેલી ફી ભર્યા બાદ રેગ્યુલાઈઝ કર્યાનું પ્રમાણપત્ર અરજદારને આપવામાં આવે છે તેમ પાલિકાના એન્જીનીયર રાજુભાઈ જાનીએ જણાવ્યુ હતું.

## હરિયાણાના સતલોક આશ્રમના સંત સામે થયેલા કેસો પાછા ખેંચવા માંગ

હરિયાણાના સતલોક આશ્રમના સંત રામપાલજી મહારાજ અને તેમના શિષ્યો પર ખોટા કેસ કરી સીબીઆઈને તપાસ સોંપાઈ હોવાને કારણે તેમના શિષ્યોમાં નારાજગી પ્રસરી છે. જે અંગે ગુરૂવારે હિંમતનગરમાં શિષ્યો દ્વારા રેલી કાઢીને કલેકટરને સંબોધી આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

# અરવલ્લીમાં ખડાયતા બંધુઓ પણ અનામત મેળવવા મેદાને

## ગઈકાલે બાયડ મામલતદારને આજે મોડાસા ખાતે કલેકટરને આવેદનપત્ર પાઠવી અનામતની માંગ બુલંદ બનાવી

મોડાસા, તા.૨૦

સમગ્ર ગુજરાત રાજય માં હાલ પાટીદારો અનામત મેળવવા માટે મરણીયા બન્યા છે અને ગુજરાત રાજય ના તમામ તાલુકાઓ માં અને જીલ્લા ઓ માં રેલી યોજી અનામત ની આગ બુલંદ બનાવી છુ ત્યારે આ આગ અરવલ્લી જીલ્લા માં પણ પ્રસરી હતી. ત્યારે ગઈકાલે મોડાસા ખાતે અરવલ્લી જીલ્લામાંથી ૨૫૦૦૦ હજાર જેટલા પાટીદારો એકઠા થઈ શકિત પ્રદશન યોજયુ હતુ અને કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ. આવા સમયે ખડાયતા બંધુઓ ધ્વારા પણ અનામતની માંગણી કરાતા સરકાર ભીંસમાં મુકાઈ છે.

સમગ્ર ભારતભરમાં દેશની કુલ વસ્તી ૦.૦૩ ટકા છે અને આ વેશ્નવ બંધુઓ મુળ હાલના રાજસ્થાનના ગુર્જરો અન્ય જ્ઞાતીમાંથી આવેલા છે અને મોગલોના અત્યાચારથી બચવા માટે ગુજરાતમાં કોટીર્યક તીર્થ પાસેના ખડાત ગામે આવી વસેલા. ત્યારબાદ



વણીક કોમનુ લેબલ લગાવાથી અનામત ન મળવાના કારણે તેમને મોટુ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. ત્યારે આ વણીકોની માંગ છે કે તેમને પણ અનામતનો લાભ મળવો જોઈએ જેના કારણે આજે અરવલ્લી કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતુ. આ આવેદનપત્ર આપવામાં મોડાસા નાગરીક બેકના ચેરમેન વિનોદભાઈ શાહ, સુભાષભાઈ શાહ, બીપીનભાઈ શાહ, ધનસુરાના કેયુરભાઈ શાહ તેમજ બાયડ ધનસુરામાંથી મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થીત રહયા હતા.

**(સમીર બલોચ, મોડાસા)**

# ખેડબ્રહ્માના પી.એસ.આઈ. એલ.પી. બોડાણા એ.સી.બી.ના સકંજામાં

## ચોરાયેલી ડસ્ટર કારની ફરીયાદ લેવા પી.એસ.આઈ. વતી કોન્સ્ટેબલ અને તેના ફોલ્ડરે ૧ લાખ માંગ્યા હતા

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મામાં લક્ષ્મીપુરા ચાર રસ્તા નજીક આવેલા ક્લિનીક પાસેથી ગત મહિને ચોરાયેલ રેનોલ્ટ ડસ્ટર ગાડીની ફરિયાદ નોંધવાના મામલે રૂ. ૧ લાખની લાંચ માંગનાર ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશના પી.એસ.આઈ., કોન્સ્ટેબલ અને વચેટીયાને ઝડપી લેવા ગાંધીનગર એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીએ મંગળવારે છટકું ગોઠવ્યું હતું. જે છટકા દરમિયાન પી.એસ.આઈ. અને કોન્સ્ટેબલની વાટાઘાટોનુસાર ગોતાના વચેટીયાએ પોતાના ફાર્મ પર ફરિયાદીને બોલાવી રૂ. ૧ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાતા એસીબીના અધિકારીએ બુધવારે ગોતા ગામના વચેટીયાની અટકાયત કરી લીધી હતી.

તા. ૨૧ જુલાઈના રોજ તેમની રેનોલ્ટ ડસ્ટર ગાડી નં. જીજે.૧૮.બીબી.૯૭૦૪ જે ખેડબ્રહ્મામાં ક્લિનીક પાસે પાર્ક કરી હતી. ત્યાંથી ચોરી થઈ ગઈ હતી. જે અંગે પ્રફુલભાઈ અને વસંતભાઈ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં જઈ ગાડી ચોરી થયા અંગેની જાણ કરતા તેમને બીજા દિવસે ગાડીના ડોક્યુમેન્ટ લઈને બોલાવ્યા હતા. બીજા દિવસે તેઓ પોલીસસ્ટેશનમાં જઈ પી.એસ.આઈ. એલ.પી. બોડાણાને મળતા ફરિયાદી સાથે આડાઅવળા સવાલો કરી ગાડી ચોરી અંગે માત્ર અરજી લીધી હતી અને અવારનવાર ધક્કે ચડાવતા બાદમાં પી.એસ.આઈ.એ વડાલીના ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા



પ્રદ્યુમનસિંહ ઉર્ફે ગટુબાપુ નરેન્દ્રસિંહ ચંપાવતને મળવા જવા તેમજ તમારો ઈન્સ્યોરન્સ પકાવી દઈએ અને નવી ગાડી પણ અપાવી દઈએ તેમ જણાવ્યું હતું. જેથી પ્રફુલભાઈએ પ્રદ્યુમનસિંહ ચંપાવતનો ફોન કોન્ટેક્ટ કરી તેમના શૉ રૂમ પર મળવા ગયા હતા. જ્યાં ગટુભાઈએ પ્રફુલભાઈ પટેલને સાહેબ તમારા કામના બે લાખ રૂપિયા કહે છે, અંતે રકઝક કર્યા બાદ રૂ. ૧ લાખ આપવાનું નક્કી કર્યું હતું.


જ્યારે બીજી બાજુ વાહન ચોરીના ઘટનાના મામલે પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈ કંટાળેલા પ્રફુલભાઈ પટેલે તા. ૧૦ઓગષ્ટના રોજ ગાંધીનગરની એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારી સમક્ષ ફરિયાદ કરતા ગાંધીનગરના એસીબી પી.આઈ. એમ. જે. ક્રિશ્ચિયને સોમવાર તેમજ મંગળવારે પંચોની હાજરીમાં લાંચના છટકાનું આયોજન કર્યું હતું. દરમિયાનમાં વડાલીના ગટુબાપુએ ફરિયાદીને પોતાના કેશવ ફાર્મ પર બોલાવી નાણાંની માંગણી કરી તે મુકેશભાઈ પટેલને આપવાનું જણાવતા પ્રફુલભાઈએ રૂ. ૧ લાખની રકમ ત્યાં હાજર મુકેશભાઈ પટેલને આપતા એસીબીના અધિકારીએ પ્રદ્યુમનસિંહ ઉર્ફે ગટુબાપુને ઝડપી લઈ બુધવારે અટકાયત કરી હતી. આમ વચેટીયાની મદદથી ખેડબ્રહ્માના પી.એસ.આઈ. એલ.બી. બોડાણા, કોન્સ્ટેબલ વિક્રમસિંહ અને વડાલીના વચેટીયા પ્રદ્યુમનસિંહ ચંપાવત વિરૂદ્ધ હિંમતનગરના એન્ટી કરપ્શન બ્યુરોમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો દર્જ કરી બંનેને પકડવા માટેની તજવીજ હાથ ધરી છે. બુધવારે સાબરકાંઠાના બે પોલીસકર્મીઓ લાંચના છટકામાં ઝડપાવાની ઘટનાને પગલે પોલીસ બેડામાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

**(રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)**

# નવી શિણોલ ગામે તાજા જન્મેલા વાછરડાના વિચિત્ર દેખાવથી ભારે કુતુહૂલ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના નવી શિણોલ ગામે ગાયે ઘેટા



જેવો ચહેરો અને વાછરડા જેવો દેહ ધરાવતા વાછરડાને જન્મ આપાતં ધનસુરા તાલુકાના પ્રજાજનો અને ગામના લોકોમાં બારે અચરજ ફેલાયું છે. ગાયે ઘેટાના મોં વાળા વાછરડાને જન્મ આપ્યાની વાત વાયુવેગે પ્રસરતાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

ધનસુરાના નવી શિણોલ ગામના ખેડૂત અને પશુપાલક ભીખાભાઈ વીરમભાઈ પટેલની ગાયે ત્રીજા વેતરમાં કુદરતના કરિસ્મા જેવા વાછરડાને જન્મ આપ્યો હતો. જેનો દેખાવ વિચિત્ર જણાતા પશુપાલન પરિવારમાં આશ્ચર્ય ફેલાયું હતું. વાછરડાનો દેહ માથાનો ભાગ રૂંવાટીવાળો ઘેટાનો મળતો આવતો હતો. જ્યારે પાછળનો શરીરનો ભાગ વાછરડાને મળતો આવતાં ગ્રામજનોમાં ભારે કુતુહૂલ સર્જાયું હતું. પશુપાલક ભીખાભાઈ પટેલના જણાવ્યા અનુસાર ગાયે અગાઉના બે વેતરમાં જન્મ આપેલા આપેલા વાછરડા સામાન્ય હતા. પરંતુ ત્રીજા વેતરમાં જન્મેલું આ વાછરડું અસામાન્ય છે. વાછરડાને જોવા લોકોના ટોળેટોળા ઉમટી પડે છે.

ડૉ. ચૌધરી પશુચિકિત્સકના જણાવ્યા અનુસાર અનુવાંશિક ખામી અને શુક્રાણુઓની ઉણપથી આવા જવલે જ કિસ્સાઓ જોવા મળે છે અને આવા અસામાન્ય જન્મ લેતા પશુઓ જન્મના થોડાક જ કલાકોમાં મૃત્યુ પામતા હોય છે. ત્યારે આ વિચિત્ર દેખાવવાળા વાછરડાએ જન્મના ૯૬ કલાક પછી પણ એકદમ સ્વસ્થ જણાતા કુદરતની દેન ગણાવી હતી.

**(તસવીર : જય અમીન, મોડાસા)**

## મોડાસામાં આધેડે તળાવમાં મોતની છલાંગ લગાવી

મોડાસા, તા. ૨૦

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા ઓધારી તળાવમાં એક વ્યક્તિએ આત્મહત્યા કરી લીધી હોવાના સમાચાર નગરજનોમાં વાયુવેગે પ્રસરતા સવારથી જ ઓધારી તળાવમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. મોડાસા નગરપાલિકા તંત્રના અને મોડાસા ટાઉન પોલીસ તાત્કાલિક



ઘટનાસ્થળે ઘસી આવી તરવૈયાની મદદથી લાશ શોધી કાઢવામાં આવી હતી. ઓધારી તળાવમાં મોડાસા બસસ્ટેન્ડ પાછળની રહેણાંક સોસાયટીમાં રહેતા મારવાડી (રાજસ્થાની શાહ) સમાજના અચલાનંદ નામનો ઈસમ માનસીક રીતે અસ્વસ્થ રહેતો હતો. આજે સવારે ઘરેથી નીકળ્યા પછી સવારે ૭ વાગ્યાની આસપાસ પાણીથી છલોછલ ઓધારી તળાવમાં ઝંપલાવતાં તળાવમાં કંઈ માનવીએ આત્મહત્યા કર્યાનું જણાતાં તાબડતોડ નગરપાલિકાતંત્ર અને પોલીસતંત્રને જાણ કરતાં નગરપાલિકા તંત્ર દ્વારા તરવૈયાઓની મદદથી તળાવમાં ૩ કલાકની શોધખોળ બાદ લાશ પાણીમાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. મોડાસા ટાઉનપોલીસે આ અંગે આત્મહત્યાનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

### સંકટના વાદળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૈયદઅલી શાહ ગિલાનીના હૈદરપુરા સ્થિત આવાસની બહાર સુરક્ષાકર્મીઓ તૈનાત કરી દેવાયા હતા. જેકેએલએફના અધ્યક્ષ યાસીન મલિકને મૈસુમા સ્થિત તેમના આવાસથી સાવચેતીના પગલારૂપે કસ્ટડીમાં લઈ લેવાયા હતા. કોઠીબાગ પોલીસ સ્ટેશનમાં તેમને બંધ રાખવામાં આવ્યા હતા. અલગતાવાદી નેતાઓને કસ્ટડીમાં લેવાના કારણો ઉપર અધિકારીઓ હાલમાં નારાજ દેખાઈ રહ્યા છે, પરંતુ એવી અટકળો હતી કે, પાકિસ્તાનને કઠોર સંદેશો આપવાના પ્રયાસરૂપે તેમને નજરકેદ હેઠળ પકડી લેવામાં આવ્યા હતા. બન્ને દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર વચ્ચે બેઠક યોજાઈ રહી છે ત્યારે આ નિર્ણય લેવામાં આવી શકે છે.

અધિકારીઓએ યૂ ટર્ન લઈને અલગતાવાદી નેતાઓ ઉપર મુકવામાં આવેલા અંકુશને દૂર કરવાના કોઈ કારણ બતાવ્યા વગર અંકુશ દૂર કરી લીધા છે.

### સનત મહેતાનું નિધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધતી જતી વયના કારણે શારીરિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. ગઈકાલે તેમને હૃદયરોગનો હમલો આવતા વડોદરા ખાતેની માંજલપુરા વિસ્તારની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર કારગત નીવડી ન હતી આજે તેમનું અવસાન થયું હતું. દરેક પ્રશ્નોનો ઉંડાણપૂર્વકનો અભ્યાસ કરનાર સનતભાઈ મહેતા જ્યારે વિધાનસભા બોલવા માટે ઉભા થાય ત્યારે તેમને સાંભળવા માટે શાસક અને વિરોધ પક્ષના ધારાસભ્યોથી માંડી સૌ કોઈ ઉત્સુક રહેતા હતા. છેલ્લા કેટલાક સમયથી તેઓ સક્રિય રાજકારણથી દુર હતા પરંતુ લોકોના પ્રશ્ને જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ લડતા રહ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પણ પૂર્વ નાણાં મંત્રીના અવસાન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે અને તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી તેમજ વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા આજે સવારે સનત મહેતાના નિવાસ્થાને પહોંચી કુંટુંબીજનોને મળ્યા હતા અને આશ્વાસન આપ્યું હતું. ભરતસિંહ સોલંકીએ શ્રધ્ધાસુમન વ્યક્ત કરતાં ગુજરાતે એક વિચક્ષણ પુરૂષ ગુમાવ્યું દુ:ખદ વ્યક્ત કર્યુ હતું. અને ગુજરાતમાં જ નહીં સમગ્ર રાષ્ટ્રના કામદારો કિસાનો અને આદિવાસીઓએ પોતાનો હમદર્દ ગુમાવ્યાનું જણાવ્યું હતું. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા એ સનત મહેતા સાથે કરેલા કાર્યો વાગોળતા શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. પ્રદેશ ઉપપ્રમુખ મૌલિન વૈષ્ણવ, મહામંત્રી લાલજી દેસાઈ આગેવાનો હસમુખભાઈ પટેલ, અરવિંદ સંઘવી, પ્રદિપભાઈ દવે, વિજય દવે, ઉમાકાન્ત માકડ ડાં. મનિષ દોશી અને સમગ્ર ગુજરાત કોંગ્રેસ પરિવારે શ્રધ્ધાંજલી અર્પી છે.

### પ્રથમ કેસ મળ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેલેરિયાના છુટા-છવાયા કેસો હોવાનું પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર કર્યો છે. જો કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનો પણ દાવો તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ મેલેરિયાના કેસો નોંધાઈ રહ્યા છે. હાલ મેલેરિયાના મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ વાતાવરણ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે. ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાને નાથવા માટે તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે.

## હરસોલીના યુવાનનું ઝેરી સાપ કરડતા મોત

હરસોલી, તા. ૨૦

દહેગામ તાલુકાના હરસોલી ગામે એક યુવાનને ઝેરી સાપે ડંખ મારતા વિધવા માતાનો એકનો એક ખોળાનો ખુંદનારનું મોત નિપજ્યું હતું. યુવાન દિકરાના મોતની ઘટનાને પગલે પરિવારમાં શોકની કાલીમા છવાઈ જવા પામી છે. બે દિવસ અગાઉ છાપરામાં વિધવા મહિલાના યુવાન પુત્રને ઝેરી સાપે ડંખ મારતા યુવાન બેભાન થઈ ગયો હતો. આથી પરિવારજનોએ તાત્કાલિક સારવાર માટે દહેગામ બાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જતા રસ્તામાં પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું.

## હરસોલીની ત્રિવેદી વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય પર્વની રંગેચંગે ઉજવણી

હરસોલી, તા. ૨૦

દહેગામ તાલુકાના હરસોલી સ્થિત ત્રિવેદી વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય પર્વની રંગેચંગે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી.

ત્રિવેદી વિદ્યાલયમાં આયોજીત સ્વાતંત્ર્ય પર્વના પ્રારંભે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. બાળકોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં હરસોલી ગામના સરપંચ પરબતસિંહ ચૌહાણ, સ્વામી બાપુસિંહ પૂજસિંહ, સમીરભાઈ સહિત શાળા પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.